# NEWS LETTER-2019

**Membership renewal for 2019-2020 -£10 per person for one year**

We would like to remind you that it is time to pay the annual membership fee of £10 from 1st April 2019. If any of your personal information, example, address, telephone number, medical condition tec have changed it is very important to inform Pravasi Mandal as this will help us serve you promptly and efficiently. As always, we think you for your continued dedication to Pravasi Mandal and we look forward to serving you.

**Please Note- Annual General Meeting (AGM) will be held in Pravasi Mandal on Saturday 27th July at 11am-2pm.**

**મેમ્બરસૅશીપ રીન્યુઅલઃ-** આપને જણાવવાનું કે પ્રવાસી મંડળની મેમ્બરસૅશીપ તા ૩૧ માર્ચે ૨૦૧૯ દિવસે સમાપ્ત થાય છે અને નવા વર્ષની મેમ્બરસૅશીપ તા ૧લી એપ્રિલ ૨૦૧૯ થી શરૂ થાય છે તો જરૂરથી પૌંડ ૧૦.૦૦ મેમ્બરસૅશીપના આપી મેમ્બર્સ બની જવા કૃપા કરશો. પ્રવાસી મંડળ માટે ખુબ જ જરૂરી છે કે આપનું સારનામું, ફોન નંબર અને તમારી હેલ્થની પરિસ્થિતીમાં ફેરફાર થાય અમને જણાવશો. જેથી કરી તમને પ્રવાસી મંડળની સેવાઓ સમયસર પુરી પાડી શકીયે.

**એ જી એમ-** વાર્ષીક સાધારણ સભા- શનિવાર તા ૨૭ જુલાઇના રોજ સવારે ૧૧.૦૦ થી ૨.૦૦

## Pravasi Mandal provides following services and activities (પ્રવાસી મંડળની જુદી જુદી પ્રવૃત્તિ)

| | |
|---|---|
| Meals On Wheel Home Delivery five days a week | ટિફિન સર્વિસ સોમવાર થી શુક્રવાર સુધી |
| Guest speakers by Arrangement | પહેલે થી જાહેર કરેલા પ્રમાણે હેલ્થ માટેની જાણકારી |
| Keep fit Classes every Monday 2.00pm-3.00pm | ખુરશીમાં બેસી કસરત કરવી<br>દર સોમવારે બપોરે ૨.૦૦ થી ૩.૦૦ પૌંડ ૧.૦૦ |
| Salsa dance Classes every Tuesday 10.30-12.00am | સલસા ડાન્સ<br>દર મંગળવારે સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ પૌંડ ૨.૫૦ |
| Yoga Classes every Wednesday 10.30-12.00am | યોગા<br>દર બુધવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ પૌંડ ૨.૦૦ |
| Swimming Classes (Ladies) every Thursday | દર ગુરૂવારે સ્વીમીંગ ફક્ત બહેનો માટે<br>સમય બપોરે ૩.૦૦ થી ૪.૦૦ સ્વીમીંગપુલ ફી |
| Regular Day trips | રેગ્યુલર એક દિવસની ટ્રીપ |
| Gujarati library service. | ગુજરાતી બુક માટેની લાયબ્રેરી |

**ગયા વર્ષની યોજાયેલી ટ્રીપો-** ગયા વર્ષે ની ટ્રીપોમાં ફરી આવ્યા હતા અને આનંદ પામ્યા હતા જેમકે એપ્રિલમાં સાઉથહોલ અને વેમ્બલી, મેં મહિનામા પોર્ટુગલ, જુનમા ચારધામ યુકેમાં, જુલાઇમાં બોટ લિફ્ટીંગ પિકનીક માટે, ઓગષ્ટમાં બુડાપેસ્ટ,પ્રાગ અને વિયેના, સપ્ટેમ્બરમાં ટુનિસિયા છેલ્લે દિવાળી શોપીંગ માટે લેસ્ટર ગયા હતા.

**Last year trip**- Last year trips organised by Pravasi Mandal were as follow:-
Southall & Wembley, Portugal, Chardham in UK, Andertons boat lifting, Budapest, Prague, Vienna, Tunisia and Leicester. We would like to thank all members who have continued to give their support to Pravasi Mandal in organising these trips.

# Meals On Wheel – Meals on Wheels is a program that delivers

a variety tasty Indian vegetarian including any special dietary requirements, to individual at home, simply you can order over the phone between 8.00-8.30 morning.

The cost of **Meal is £5.00 with Free Delivery** (Wellingborough Area)

# પ્રવાસી મંડળ ની ટિફિન સેવા

ભાઇઓ તથા બહેનોને જણાવવાનું કે આપ સૌની કૃપાથી પ્રવાસી મંડળની ટિફિન સેવામાં દિન પ્રતિદિન વધારો થઇ રહયો છે એનું માત્ર એક જ કારણ જે આપના હેલ્થને પુરેપુરૂ માફક આવે તેને ધ્યાનમાં રાખીને ખાવાનું બનાવીએ છીએ. છે અને માણસો સંતોષ વ્યકત કરે છે. માટે તમો પણ આ સેવાનો લાભ લેશો. ટિફિન દીઠ ડીલીવરી સાથે પૌંડ ૫.00 છે જેમાં બે શાક, ૪ રોટલી, દાળ, ભાત અને દરરોજનું મેન્યુ જુદુ જુદુ હોય અને ડિલીવરી ફકત વેલીંગબરો માટે જ છે.

હા... તદ ઉપરંત નાના મોટા કેટર્સના ઓર્ડર પણ બનાવી આપીએ છીએ અને તે પણ આપની પસંદગીનું મેન્યુ પ્રમાણે.

**Please note that due to limited use of Pravasi Mandal in the afternoons, it has been decided that we will be introducing new opening hours. The new opening times with effect from 1st March 2019 as follows.**

**Monday- Open from 8.00 am – 4.30pm**

**Tue-Thur- Open fro 8.00am-1.00pm**

**Friday – Open From 8.00-4.30pm**

**આપ સૌ મેમ્બર્સને જણાવવાનું કે પ્રવાસી મંડળ બપોર પછીથી વધારે ઉપયોગ નહિ થવાથી તેના સમયમાં ફેરફાર કરવાનું વિચાર્યું છે જે ૧ માર્ચથી અમલમાં ગણાશે.**

**સોમવારે ખોલવાનો સમય સવારે ૮.00 થી ૪.30**

**મંગળ થી ગુરૂ- સવારે ૮.00 થી ૧.00**

**શુક્રવારે -સવારે ૮.00 થી ૪.30, જરૂર જણાય તો બપોર પછીથી પણ ખુલ્લુ રાખવામં આવશે. જેની નોંધ લેશો.**

**Diwali Party**- Saturday 19th October from 11.00 am to 1.00 pm

**દિવાળી પાર્ટી**- શનિવાર તા ૧૯ ઓકટોબર,

સમય સવારે ૧૧.00 થી ૧.00 (ફકત મેમ્બર્સ)

# પ્રવાસી મંડળ ૨૦૧૯ની ટ્રીપો

# PRAVASI MANDAL 2019 Trips

65 Elsden Road, Wellingborough, Northants, NN8 1QD, Charity Reg No- 1056591
Tel- 01933 442955

| | Date | Destination | fare |
|---|---|---|---|
| 1 | 6th April | Southall & Wembley | £15 Member/£17 N/M |
| 2 | 1st May- 8th May | Tenerife(Europe) | £720 p/person (Full) |
| 3 | 18th May | Green Street | £15 Member/17 N/M |
| 4 | 16th June-23rd June | Norwegian Cruise | £770 Per person |
| 5 | 20th July | Walthamstow market | £15 Member/£17n/m |
| 6 | 9th August-11th August | Scotland | £245 P /Person |
| 7 | 18th September-25th Sept | Tunisia by flight | £775 P/person |
| 8 | 12th October | Leicester | £10 P/Person & £12n/m |

For more information please call on 01933 442955.

Managements reserved all rights

| | તારીખ | જવાના સ્થળનું નામ | કિંમત |
|---|---|---|---|
| 1 | ૬ એપ્રિલ | સાઉથહોલ અને વેમ્બલી | પૌંડ ૧૫ મેમ્બર્સ<br>પૌંડ ૧૭ નોન મેમ્બર્સ |
| 2 | ૧ મેં–૮ મેં (૮ દિવસ) | ટેનરીફ | પૌંડ ૭૨૦ (જગ્યા નથી) |
| 3 | ૧૮ મેં | ગ્રીનસ્ટ્રીટ | પૌંડ ૧૫ મેમ્બર્સ<br>પૌંડ ૧૭ નોન મેમ્બર્સ |
| 4 | ૧૬ જુન થી ૨૩ જુન | નોર્વેઝીયન ક્રુસ | પૌંડ ૭૭૦ વ્યક્તિ દીઠ |
| 5 | ૨૦ જુલાઇ | વોલ્થમસ્ટો માર્કેટ | પૌંડ ૧૫ મેમ્બર્સ<br>પૌંડ ૧૭ નોન મેમ્બર્સ |
| 6 | ૯ ઓગષ્ટ થી ૧૧ ઓગષ્ટ | સ્કોટલેન્ડ (ઇન્ડીયન ડીનર) | પૌંડ ૨૪૫ વ્યક્તિ દીઠ |
| 7 | ૧૮ સપ્ટેમ્બર–૨૫ સપ્ટેમ્બર | ટુનિસિયા બાય ફ્લાઇટ– આ ટ્રીપ માણસોની વિનંતીથી બીજી વખતની છે. | પૌંડ ૭૭૫ વ્યક્તિદીઠ |
| 8 | ૧૨ ઓકટોબર | લેસ્ટર દિવાળી શોપીંગ | પૌંડ ૧૦ મેમ્બર્સ અને પૌંડ ૧૨ |

**તંત્રી સ્થાનેથી**- આપ સૌ મેમ્બર્સને નવા વર્ષની શુભેચ્છા. આપણું પ્રવાસી મંડળ છેલ્લા ૧૦ વર્ષથી ગ્રાન્ટ વગર નિભાવી રહયુ છે અને આ વરસ ૨૦૧૯નું થોડુક મુશ્કેલીભર્યુ હોય તેમ જાણવા મળ્યુ છે. કારણ કે સંસ્થા ચલાવવા માટે વરસના ૬૫ હજાર પાઉન્ડની જરૂર છે અને આપણે ફકત પાઉન્ડ ૫૦ હજાર મેળવીએ છીએ કારણ કે દર રવિવારે હોલ ચર્ચ માટે ભાડે વપરાતો હતો જે હવે સદંતર બંધ થઇ ગયો છે તદ ઉપરાંત સ્ટાફના પગાર લાઇટ, ગેસ અને ખાધ્ય પદાર્થોની વસ્તુમાં ભાવ વધ્યા હોવાથી મારી દષ્ટિયે ચેલેન્જ વાળુ લાગે છે. આ ૧૫ હજાર પાઉન્ડની ખોટ પુરી કરવા માટે સેન્ટરના ખર્ચોમાં કાપ મુકવાની ફરજ પડશે. આપણું પ્રવાસી મંડળ તા ૧ માર્ચથી ફકત બપોરના ૧ વાગ્યા સુધી જ ખુલ્લુ રહેશે. સોમવાર અને શુક્રવાર આખો દિવસ ખુલ્લુ રહેશે. ટિફિન સર્વિસમાં પણ ૫૦ પેન્સનો વધારો કરવામાં આવ્યો છે. આપણો હોલ રવિવારે પણ ભાડે મળી શકશે. હોલના ભાડામાં વધારો કરવામાં આવ્યો છે.

આપ સૌને નમ્ર વિનંતી કરીએ છીએ જો આપ સૌ થોડીક હેલ્પ કરી શકો તો સારૂ જેમકે દર મહિને સ્ટેન્ડિંગ ઓર્ડર સેટ અપ કરી આપની મરજી મુજબ ની રકમ આપી શકો છો.આ બાબતની રમેશભાઇ મદદ કરી શકશે.તદ ઉપરાંત રસોડામાં મદદ માટે આપનું નામ વોલ્યુનરી તરીકે રજીસ્ટર કરાવી શકો છો. આપને ખાસ જણાવવાનું કે હવે થી ટ્રીપોનું આયોજન કરવાનું મુશ્કેલી છે કારણ કે પ્રવાસ બુક કરવા પહેલા પૈસાની જરૂર પડે છે અને આપણે પૈસા ડીપોઝીટ તરીકે આપવા માટે સમર્થ નથી અને આપણા મેમ્બર્સ છેલ્લી ઘડી સુધી પૈસા આપી શકતા નથી. હા આપણે સમજીએ છીએ કે તમારી હેલ્થ અથવા કોઇપણ પ્રકારની એપોઇન્ટમેન્ટ આવી જાય પરંતુ આપ સૌએ ગભરાવવાની બિલકુલ જરૂર નથી કારણ કે આપણી સાથે માણસો લાઇનમાં હોય છે જ. કોઇનું કેન્સલ થાય તો તરત જ એ ટિકિટ બીજાને આપી દઇએ છીએ અને તમારા પૈસા પાછા મળી જાય છે પરંતુ જો તમો બુક ના કરાવો તો ચાન્સ મળવો મુશ્કેલ છે તેમ જ સંસ્થાને પણ મુશ્કેલી પડે છે. મેનેજમેન્ટે હવેથી વિચાર કર્યો છે કે કોઇપણ ટ્રીપ દા.ત બહારની હોય કે પછી યુ કેની એક દિવસની હોય પરંતુ પૈસા વગર નામ નોંધવામાં આવશે નહિ. આપ પૈસા ઘરેથી ફોન ઉપર પણ આપી શકો છો તેમજ ચેક પણ લખી શકો છો તો જરૂરથી આ બાબતનો ખ્યાલ રાખશે.

**બિલ્ડીંગ પ્રોજેકટ**- આપને જણાવવાનું કે આપણું સપનું હતુ કે પ્રવાસી મંડળની ઉપર ફલેટ બનાવીશુ અને ભાડે આપીશુ, પરંતુ એ સપનું સપનું જ રહી ગયુ કારણ કે બિલ્ડીંગ બાંધવા માટે કાઉન્સીલ તરફથી મંજુરી મળી નહિ અને ઘણા વાંધા બતાવ્યા માટે આપણે સેન્ટર ચલાવવા કાંઇક તો કરવુ પડશે અથવા તો આપની પાસે કોઇ નવા વિચારો હોય તો જરૂરથી જણાવો પરંતુ આ સેન્ટરનું મકાન આપણા સૌનુ છે અને જમીન ૯૯ વર્ષ માટે કાઉન્સીલ પાસે લીઝહોલ્ડ છે. જો આપ સૌના સાથ સહકાર મળે તો આપણા પછીના પેઢી ભાઇ બહેનોને પણ લાભ મળે શકે, છેલ્લે તો ભગવાનની જેવી ઇચ્છા અમો સૌ ટ્રસ્ટી આ બાબતે ગંભીરતાથી વિચારી રહયા છીએ.

**મેમ્બર્સશીપ**- જો આપ કોઇને એક થી વધારે વર્ષ માટેની મેમ્બર્સશીપ આપવી હોય તો આપી શકો છો દા.ત એક થી પાંચ વર્ષ જેથી કરીને આપને ભૂલી જવાનું ના રહે.